# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-03-2024** **Morning : 7.10 to 7.20**

**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર જાનુ પરમાર વાંચે છે.

---

- **લોકસભાની બીજા તબક્કાની ચૂંટણી માટેનું જાહેરનામું ગઇકાલે બહાર પડ્યું .**
- **ચૂંટણી પંચ દ્વારા રાજયમાં આચારસંહિતા ભંગ તેમજ ચૂંટણી ખર્ચ પર દેખરેખ માટે કંટ્રોલરૂમ શરૂ કરાયા**
- **રાજ્યમાં આવતીકાલે અને રવિવારે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા વિવિધ સંવર્ગની પરીક્ષા યોજાશે**
- ધોરણ – 12 પછીની ડિગ્રી એન્જિનિયરિંગ, ફાર્મસી કોર્સની બેઠકોમાં 2024-25માં પ્રવેશ માટેનો કાર્યક્રમ જાહેર કરાયો છે.
- હવામાન વિભાગની યાદી અનુસાર આગામી 48 કલાક દરમિયાન ગરમીમાં વધારો થવાની શકયતા છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# REV.-2ND-PHASE-NOTIFICATION

લોકસભાની બીજા તબક્કાની આગામી 26મી એપ્રિલે યોજાનારી 88 બેઠકોની ચૂંટણી માટેનું જાહેરનામું ગઇકાલે બહાર પડ્યું છે. બીજા તબક્કાની ચૂંટણીમાં 12 રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની લોકસભાની 88 બેઠકો માટે મતદાન થશે જેમાં કેરળની 20, કર્ણાટકની 14, રાજસ્થાનની 13, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રની 8-8, મધ્યપ્રદેશની 7, બિહાર અને આસામની 5, બંગાળ અને છત્તીસગઢની 3-3 જ્યારે મણિપુર, ત્રિપુરા તેમજ જમ્મુ અને કાશ્મીરની દરેકની એક-એક બેઠકોની ચૂંટણી યોજાશે.

આ 88 બેઠકો માટે આગામી ચોથી એપ્રિલ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે. પાંચમીએ તેમની ચકાસણી થશે. જો કે, જમ્મુ- કાશ્મીરમાં ઉમેદવારી પત્રોની ચકાસણી આગામી છઠ્ઠી એપ્રિલે થશે.

દરમિયાન, લોકસભાની પહેલા તબક્કાની આગામી 19મી એપ્રિલે યોજાનારી 102 બેઠકો માટે ભરાયેલા ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ 30મી માર્ચ છે. લોકસભાની 102 બેઠકો માટે 30મી માર્ચે ઉમેદવારી પત્રો પાછા ખેંચાયા બાદ આ બેઠકો પર કેટલા ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે તે ચિત્ર સ્પષ્ટ થશે. 19મી એપ્રિલે મતદાન થયા બાદ આગામી ચોથી જૂને મતગણતરી હાથ ધરાશે.

---

-રીપીટ

# ELECTION COMMISSION

રાજ્યના મુખ્ય ચુંટણી અધિકારી દ્વારા ગુજરાતમાં લોકસભાની ચૂંટણી તેમજ વિધાનસભાની બેઠકોની પેટા ચૂંટણી માટે મતદારોને ફોટો વાળા મતદાન ઓળખપત્ર સમયસર મળી જાય તે માટે જરૂરી સુચનાઓ અપાઇ છે.

એવી જ રીતે ચૂંટણી માટેની આદર્શ આચારસંહિતાના ભંગ તેમજ ચૂંટણી ખર્ચ પર દેખરેખ માટે નિયંત્રણકક્ષ શરૂ કરી દેવાયા છે.  તેમજ કોઈપણ મતદારને મત આપવા માટે સમસ્યા ન સર્જાય તે માટે તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને નિર્દેશો આપી દેવામાં આવ્યા છે. સાથે જ ફ્લાઈંગ સ્કોડ દ્વારા રાજ્યમાંથી રોકડ, સોનું, ચાંદી દારૂ અને ચરસ સહિત 42 કરોડ રૂપિયાથી વધુની ચીજવસ્તુઓ ઝડપી લેવામાં આવી છે. તેમજ સરકારી અને ખાનગી મિલકતો ઉપરથી પ્રચાર સાહિત્ય દૂર કરવામાં આવ્યું છે.

---

-રીપીટ

# Mahisagar RAJKOT Postal Ballot Training

દેશના નાગરિકો આગામી લોકસભા સામાન્ય ચૂંટણીમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે હેતુથી સૌ પ્રથમ વખત ભારતીય ચૂંટણી પંચ દ્વારા રાજ્યમાં  આવશ્યક સેવાઓમાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓને ટપાલ મતપત્ર દ્વારા મતદાન કરવાની સુવિધા આપવાની જોગવાઇ કરવામાં આવી છે. જેના અનુસંધાને મહીસાગર નિવાસી અધિક ક્લેકટર સી.વી. લટાના અધ્યક્ષસ્થાને લુણાવાડા ખાતે નોડલ અધિકારીઓની તાલીમ યોજાઇ હતી. જેમાં આવશ્યક સેવાકર્મીઓને ટપાલ મતપત્ર દ્વારા મતદાનની સુવિધા આપવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.

ઉપરાંત રાજકોટ ખાતે અધિક જિલ્લા ચૂંટણી અધિકારીના અધ્યક્ષસ્થાને આવશ્યક સેવાકર્મીઓની ટપાલ મતપત્ર અંગે બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી મુછારે જણાવ્યું હતું કે, મતદાર યાદીમાં નોંધાયેલા અને મતદાનના દિવસે તેમની આવશ્યક ફરજોને કારણે મતદાન મથકમાં હાજર રહી શકશે નહિ તેવા જ આવશ્યક સેવાકર્મીઓને ટપાલ મતપત્ર દ્વારા મતદાન કરવાપાત્ર ગણાશે.

ઉલ્લેખનીય છે કે આ સેવાઓમાં વીજળી, બી.એસ.એન.એલ., રેલવે, દૂરદર્શન, ઓલ ઈન્ડિયા રેડિયો, આરોગ્ય વિભાગ, ઉડ્ડયન, રાજ્ય પરિવહન નિગમ, અગ્નિશમન સેવાઓ તથા એમ્બ્યુલન્સ સહિતની ૧૨ આવશ્યક સેવાઓનો સમાવેશ થાય છે.

---

-પીટીસી, રાજકોટ, ડીડી, હર્ષ, જાનુ -(નવીન)

# Voter Awareness

રાજકોટ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આગામી લોકસભા ચૂંટણી-૨૦૨૪ અનુસંધાને સંસદીય મતવિસ્તાર રાજકોટના 67 - વાંકાનેર વિધાનસભા મતદાર વિભાગના રાજકોટ તાલુકાના આણંદપર ગામ તથા નવી રાતિદેવડી પ્રા .શાળા ખાતે મતદાર જાગૃતિ કાર્યક્રમો યોજાયા હતા.

આ કાર્યક્રમમાં આંગણવાડી કાર્યકરો, આશાવર્કર બહેનો, ગામના આગેવાનો, ગ્રામ પંચાયત કચેરીના કર્મચારીઓ, ગ્રામજનો જોડાયા હતા, તથા આગામી લોકસભા ચૂંટણીમાં મતદાન કરવા અંગે શપથ લેવામાં આવ્યા હતા.

---------------------------------------------------------------------

-પીટીસી, રાજકોટ, જાનુ -(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

.......................................

# Election Declaration

ચૂંટણી પંચ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણી અને ખાલી પડેલી રાજ્ય વિધાનસભાની ચૂંટણીનું જાહેરનામું બહાર પાડ્યા બાદ રાજ્યમાં ચૂંટણી પ્રચારનો આરંભ થઈ ગયો છે. દરેક પક્ષના સ્ટાર પ્રચારકો સહિત વરિષ્ઠ નેતાઓ પણ ચૂંટણી પ્રચારના કાર્યમાં જોતરાયા છે.

કેન્દ્રશાસિત પ્રદેશ દીવ તથા ઘોઘલા ખાતે પ્રદેશ પ્રભારી પૂર્ણેશ મોદીની અધ્યક્ષતામા મંડળો સાથે બેઠક યોજાઈ બેઠક દરમિયાન પ્રચાર માટે ઘરે ઘરે જવા માટે આહ્વાન કર્યું અને લોકો ને વિકાસીય કાર્યો તથા લોકોને સરકારની યોજનાઓ વિશે માહિતગાર કરવા જણાવ્યુ હતું.

---------------------------------------------------------------------------

-ડેસ્ક, પીટીસી, દીવ જયેશ વેગડા -(નવીન)

# GUJARAT GAUN SEVA

રાજ્યમાં આવતીકાલે અને રવિવારે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પરીક્ષા યોજાશે. જેમાં સવારે 9 થી 12 અને બપોરે 2 થી 5 દરમિયાન પ્લાનિંગ આસિસ્ટન્ટ, ગ્રાફિક ડિઝાઇનર અને સર્વેયર સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા લેવાશે. પરીક્ષા દરમિયાન કોઈ ગેરરીતિ ન થાય અને પરિક્ષાર્થીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે તે માટે કેટલાક પ્રતિબંધ લગાવવામાં આવ્યા છે. જેમાં પરીક્ષા કેન્દ્રની અંદર મોબાઈલ ફોન, ઇલેક્ટ્રીક ઉપકરણો ન લઈ જવા, 100 મીટરના અંતરમાં  ઝેરોક્ષ મશીન ચાલુ ના રાખવું તેમજ લાઉડ સ્પીકર ન વગાડવા જેવા આદેશ જાહેર કરાયા છે.

---

-રીપીટ

## REGISTRATION IN ENGINEERING AND PHARMACY

ધોરણ – 12 પછીની ડિગ્રી એન્જિનિયરિંગ, ફાર્મસી કોર્સની બેઠકોમાં 2024-25માં પ્રવેશ માટેનો કાર્યક્રમ જાહેર કરાયો છે.

ડિગ્રી એન્જિનિયરિંગમાં બીજી એપ્રિલથી 15મી મે સુધી રજિસ્ટ્રેશન પ્રક્રિયા ચાલશે. જ્યારે ફાર્મસીમાં નવ એપ્રિલથી 28મી મે સુધી રજિસ્ટ્રેશન કરી શકશે. રેગ્યુલર વિદ્યાર્થી, શિક્ષણ બોર્ડની ઈમ્પ્રૂવમેન્ટ એકઝામ આપનારા તેમજ પૂરક પરિક્ષા આપનારા વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન પ્રક્રિયા ભાગ લઈ શકશે.

પ્રથમ રાઉન્ડમાં રજિસ્ટ્રેશન ન કરનારા નોન રજિસ્ટર્ડ વિદ્યાર્થીઓ માટે 21મીથી 25મી જૂન દરમિયાન પ્રવેશ કાર્યવાહી રાખવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

રીપીટ

# REV.-NTA-JEE-MAINS

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સીએ આગામી ચોથી એપ્રિલથી યોજાનારી જેઇઇ- મેન્સના બીજા તબક્કાની પરીક્ષા આપનાર અરજદારોને પરીક્ષા કેન્દ્રો અને શહેર ફાળવણીની એડવાન્સ સ્લીપ જારી કરી છે.

ઉલ્લેખનીય છે કે, દેશના 319 શહેરો અને વિદેશના 22 શહેરોના પરીક્ષા કેન્દ્રો એ આગામી ચોથીથી 12મી એપ્રિલ દરમિયાન જેઇઇ- મેન્સના બીજા તબક્કાની પરીક્ષા યોજાવાની છે. આ પરીક્ષા દરરોજ બે શિફ્ટમાં યોજાશે. પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ એનટીએની વેબસાઇટ ઉપર પોતાની અરજીની સંખ્યા અને જન્મ તારીખ દાખલ કરીને પરીક્ષા કેન્દ્ર અને સંબંધિત શહેરની માહિતી મેળવી શકે છે. રાષ્ટ્રીય પરીક્ષા એજન્સીએ ભારપૂર્વક જણાવ્યું છે કે, શહેરની માહિતી આપતી સ્લીપનો ઉપયોગ વિદ્યાર્થીઓ પરીક્ષાખંડમાં પ્રવેશ માટે કરી શકશે નહીં.

---

-રીપીટ

# GUJCET 2024

ગુજરાત માધ્યમિકિ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ – GUJCETની પરીક્ષા 31 મી માર્ચે યોજાશે. વિદ્યાર્થીઓ વિશ્વાસપૂર્વક પરીક્ષા આપી શકે અને પરીક્ષા સારા વાતાવરણમાં લેવાય તે હેતુથી પરીક્ષાના સફળ  સંચાલન માટે એકશન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.

GUJCET પરીક્ષા 34 પરીક્ષા કેન્દ્રો પર લેવામાં આવશે. પરીક્ષા ગેરરીતિને ડામવા માટે કેન્દ્રો પર ખાસ તકેદારીના પગલા લેવાશે. દરેક પરીક્ષા સ્થળ ઉપર સી.સી. ટી.વી. કેમેરાની વ્યવસ્થા હેઠળ પરીક્ષા લેવામાં આવશે.

---------------------------------------------------------------------

-માહિતી, હર્ષ -(નવીન)

# WEATHER

હવામાન વિભાગની યાદી અનુસાર આગામી 48 કલાક દરમિયાન ગરમીમાં વધારો થવાની શકયતા છે.

સૌરાષ્ટ્ર - કચ્છ જેવા દરિયાકાંઠાના વિસ્તારોમાં દરિયાની ભેજવાળી હવાના કારણે ગરમીમાં વધારો થશે.

રાજયના બનાસકાંઠા, ગાંધીનગર અને આણંદ જેવા ઉત્તર ગુજરાત પ્રદેશના અલગ – અલગ સ્થળોએ રાત્રીના સમયમાં ગરમીમાં વધારો નોંધાયો હતો.

ઉપરાંત અમદાવાદ જીલ્લા અને તેના આસપાસના વિસ્તારોમાં તાપમાન 41 ડિગ્રીથી વધુ નોંધાયું હતું.

રાજયમાં ગઇકાલે ભુજમાં 42, અમરેલી 40, રાજકોટ, સુરેન્દ્રનગરમાં 41 ડિગ્રી, મહુવા અને સુરતમાં 39 ડિગ્રી સેલ્સીયસ તાપમાન નોંધાયું હતું.

---

- IMD જાનુ, -(નવીન)